## સંક્ષિપ્ત સમાચાર

### તલોદ તાલુકાના સલાટપુર ગામે સમૂહ લગ્નોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સલાટપુર ચોકડી ખાતે આવેલ ઉમાધામ કેમ્પસમાં બાવનસો પરગણા વણકર સમાજનો ૧૪મો સમૂહ લગ્નોત્સવ રવિવારે તા. ૨૮-૨-૧૬ના રોજ યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૩૮ યુવા-યુવતીઓ લગ્નગ્રંથિથી જોડાઈને નૂતન દામ્પત્યજીવનની કેડી ઉપર પગ મુક્યો હતો. ૧૩મા લગ્નોત્સવમાં આ વણકર સમાજને સફળતા મળવા ઉપરાંત દાતા પરિવારોએ દાનની ઝોળી છલકાવી દેતાં રવિવારે ૧૪માં સમૂહલગ્નોત્સવનું દબદબાપૂર્વક આયોજન કર્યું હોવાનું સમાજના સેવાભાવી સદસ્ય હિરાભાઈ જીવાભાઈ ધાનેક (તલોદ)એ કહ્યું હતું કે ચાલુ સાલે પણ દાતાઓ વાસણો, સામગ્રી તેમજ રોકડ રકમની ઉદાર હાથે ફાળવેલ હતી.

### રામપુર-વાસણાની દિવ્યાંગ અનાથ દિકરીનું ઠાકોર સેનાએ કન્યાદાન કર્યું

વડાલી તાલુકાના રામપુર વાસણા ગામમાં ગુરુવારે ઠાકોર સમાજની અનાથ અપંગ દિકરીનું લગ્ન યોજાયુંહતું જેમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કન્યાદાન કરી માવતર બનીને દિકરીને સાસરે વળાવી હતી. જે ઉમદા કામ જોઈ લોકો ક્ષત્રિય ઠાકોર સેનાની કામગીરીને બિરદાવવા લાગ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામમાં દિનેશજી કનુજી ઠાકોર તેમજ તેમની પત્નિ ગંગાબેનનું અવસાન થતા તેમના પુત્રી ચંદ્રીકાબેન અને પુત્ર રોહિત અનાથ બની ગયા હતા. જેથી તેમની સારસંભાળ વડાલી તાલુકાના રામપુર વાસણા ગામે રહેતા મામા બાબુજી કડવાજી ઠાકોર કરતા હતા. જેમાં ચંદ્રીકા અપંગ હોવાથી તેમજ પુખ્તવયની થતા મામાએ ગાડુ ગામના દિનેશજી ઠાકોર સાથે સગાઈ કરી હતી. જેના લગ્ન ૨૫ ફેબ્રુઆરીને ગુરુવારે યોજાયા હતા. જેમાં અનાથ દિકરીને લગ્નમાં રામપુર વાસણા ગામની ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા તિજોરી તેમજ વાસણોનું કન્યાદાન આપવામાં આવ્યું હતું. તેમજ ગ્રામજનો દ્વારા લગ્ન મંડપ વિગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### કુકડીયા પાટીયા પાસે ઉભેલી યુવતીના ગળામાંથી દોરાની તફડંચી થતા ફરિયાદ

ઈડર તાલુકાના કુકડીયા પાટીયા પાસે બડોલી ગામની યુવતી ગત તા. ૧૯ ફેબ્રુઆરીએ બસની રાહ જોઈને ઉભી હતી ત્યારે બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે યુવતીના ગળામાંથી રૂ. ૨૦ હજારની કિંમતનો સોનાનો દોરો તોડીને ભાગી ગયો હતો. ત્યારબાદ વિભાબેન પ્રભુદાસ પાટીલે બુમાબુમ કરવા છતાં આ અજાણ્યા શખ્સો ભાગી ગયા હતા.

### હિંમતનગરના પેલેસ રોડ પરથી સગીરાનું અપહરણ કરાતા એક વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ પેલેસ રોડ પરથી ગત તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ સગીરવયની ખુશીબહેન સોમાજી મારવાડીને બળવંતસિંહ ઉર્ફે રાહુલ જગતસિંહ પરમાર લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી અપહરણ કરી ભગાડી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા શારદાબેન સોમાજી મારવાડીએ બળવંતસિંહ પરમાર વિરૂદ્ધ શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.





## મેઘરજ બગીચા પાસે ડુંગરમાં આગ લાગતા વનરાજી બળીને ખાખ

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં મોડાસા રોડ પર આવેલ રિલાયન્સ પેટ્રોલપંપ પાસે આવેલ બગીચાને અડીને આવેલ ડુંગર પર આગ લાગતા ભારે દોડધામ મચી જવા પામી હતી. મેઘરજ તાલુકાના રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે આવેલ અરવલ્લીની ગિરીમાળાઓના ડુંગરમાં અચાનક સવારે ૧૧ વાગ્યાના અરસામાં આગ લાગી હતી. આ આગનો ધુમાડો દુર દુર સુધી દેખાતો હોવાથી આ આગ જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. આગ લાગવાથી વનની વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી. આ આગ લાગવાની વાત લોક મુખે મેઘરજ નગરમાં પહોંચતા મેઘરજના તાલુકાના વિકાસ અધિકારી, સરપંચ અને મેઘરજના તલાટી કમ મંત્રી તાબડતોડ આ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને તાત્કાલિક મોડાસા ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ આગ બુજવવા માટે તાત્કાલિક દોડી આવી આગને કાબુમાં લેવાનો સઘન પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે અને ફાયરબ્રિગેડ દ્વારા આગને કાબુમાં લેવાના પ્રયત્નો મોડા સુધી ચાલુ રખાયા હતા. આ આગ શાના કારણે લાગી હતી તે અંગે કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા થઈ નથી અને આ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોડાસામાં અછોડા તોડતી ગેંગનો ત્રાસ યથાવત

મોડાસા, તા. ૨૮

મોડાસાની ઉમીયા ટાઉનશીપની એક મહિલાના ગળામાંથી સાડા ત્રણ તોલા સોનાનું મંગળસૂત્ર તોડી બે યુવકો બાઈક ઉપર ભાગી છુટતાં ચકચાર મચી હતી. શુક્રવારે ડીપી રોડ પર પણ આવી ઘટના બની હતી. જો કે ચોરો તેમાં નિષ્ફળ રહ્યા હતા. સતત બીજા દિવસે આવી ઘટના બનતા મહિલાઓમાં ભયનો માહોલ છવાયો છે.

મૂળ નહેરૂકંપાના જયંતીભાઈ દેવસીભાઈ પટેલ મોડાસાની ઉમીયા ટાઉનશીપમાં ફ્લેટ નંબર ૧૦૨માં રહે છે. શનિવારે વિષ્ણુપુરાકંપા ગામે સામાજિક પ્રસંગ હાજરી આપવા ગયેલ આધેડ દંપતી બપોરે ૨ કલાકે લકઝરી બસમાં પરત ફરતાં તેમને લેવા પુત્ર પ્રકાશભાઈએ માલપુર રોડ ઉપર ઝાયકા હોટલ પાસે કાર મોકલી હતી. પુષ્પાબેન ફ્લેટમાં કારમાંથી ઉતરી સીડી ચડી રહ્યા હતા તે દરમ્યાન કારનો પીછો કરી બાઈક લઈ આવી ચડેલા બે યુવકોમાંથી પાછળ બેઠેલા યુવકે દોડીને પુષ્પાબેનના ગળામાં પહેરેલું સાડા ત્રણ તોલા સોનાનું મંગળસૂત્ર તોડી નાખી બંને યુવકો બાઈક લઈ ભાગી છુટ્યા હતા.

બનાવની ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.



### ચેન સ્નેચરો સીસીટીવી ફૂટેજમાં કેદ

કારનો પીછો કરી બાઈક ઉપર ઉમીયા ટાઉનશીપમાં આવી પહોંચેલા હોન્ડા બાઈક સવાર ચેન સ્નેચરોમાંથી બાઈક ચાલકે આછા ગ્રીન કલરનું લાઈનીંગવાળુ શર્ટ પહેર્યું હોવાનું અને જે હટ્ટાકટ્ટા યુવકે મંગળસૂત્ર તોડ્યુ હતુ તે બાઈક સવાર યુવકે ડબલ કલરનો શર્ટ પહેર્યો હોવાનું સીસીટીવી ફુટેજમાં જણાઈ આવ્યું હતું.

### માર્ગ પરની રેકડીઓ અને ગલ્લા ઉપર નિયંત્રણ મુકવા માંગ

મોડાસાનગરના મુખ્ય માર્ગ ઉપરના સર્કલ નજીક માર્ગ ઉપરના ફૂટપાથ નજીક કેટલાક ઈસમોએ ચા ની રેકડીઓ, પાનના ગલ્લા કે શાકભાજીની લારીઓ ઉભી રાખી દબાણ કર્યું છે. ચોકડી ઉપરના આવા સ્થળોએ કેટલાક અસામાજિક તત્વો બેસી શીકારની રાહ જોતા હોવાનું કેટલાક ગુનાઓ ઉપરથી જણાઈ આવ્યું છે. શનિવારે બનેલા ચેન સ્નેચીંગના ગુનામાં ચેન સ્નેચરોએ ઝાયકા હોટલ ઉપરના સર્કલથી પીછો કર્યો હોવાનું જણાઈ આવતા આવા માર્ગ ઉપર સર્કલો ઉપરની ચાની લારીઓ, પાનના ગલ્લાઓ, નાસ્તાની રેકડીઓ ઉપર નિયંત્રણ લાદવા માંગ વર્તાઈ હતી.

## વિરપુર ગામના ઈસમને રસ્તા પર જવા અંગે કુહાડીથી માર મારતા ફરિયાદ

વિજયનગર તાલુકાના વિરપુર ગામના ઈસમને તેના ખેતરના રસ્તા પરથી નીકળવા બાબતે ગામના જ ઈસમે તકરાર હતી અને ઉશ્કેરાઈ જઈ કુહાડીની ઉંધી મુદર મારી ઈજા પહોંચાડી હતી. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આરંભી છે. વિજયનગર તાલુકાના આતરસુંબા નજીક આવેલા વિરપુર ગામના લક્ષ્મણભાઈ રૂપાજી બળેવિયા બુધવારે પોતાના ખેતરમાંથી સાંજે ૬ વાગ્યાના સુમારે પસાર થતા હતા જે સમયે ગામના જ કમલેશભાઈ શકરાજી કટારાએ તું આ રસ્તા પરથી કેમ જાય છે તેમ કહી તકરાર કરી હતી અપશબ્દો બોલતા લક્ષ્મણભાઈએ કમલેશને અપશબ્દો બોલવાની ના પાડી હતી.

# દેવીયા-ખારાના મુવાડા ગામ એસ.ટી. બસથી વંચિત

વડાગામ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાનુ દેવીયા-ખારાના મુવાડા ગામ એસટી બસ સેવાથી આજે પણ વંચિત રહેતા અબાલવૃદ્ધ, ગ્રામજનો અને ખાસ કરીને વિદ્યાર્થીઓ ભારે આવહાનો ભોગ બન્યા છે. શાળાએ જવાના સમયે અને શાળાના છૂટવાના સમયે આ પંથકના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે એસ.ટી. બસની સુવિધા તંત્ર પુરી પાડે તેવી લાગણી અને માંગણી વિશાળ વિદ્યાર્થી વર્ગની તથા પ્રજાજનોની પણ ઉદ્‌ભવી છે.

મહદઅંશે ખેતી, પશુપાલન અને શ્રમિક વ્યવસાય સાથે જોડાયેલ આ ગામના મોટા ભાગનો વર્ગ ગરીબી રેખા નીચે જીવી રહ્યો છે. જે પરિવારના બાળકો અભ્યાસ માટે હરસોલ-તલોદ તરફ રોજ અપડાઉન કરે છે. તલોદ-મોડાસા રોડ ઉપરના રોઝડ ગ્રામ પંચાયતના તાબાના દેવીયા ગામનું એક સ્ટેન્ડ ઉપર મોટા ભાગની બસો ઉભી રહેતી જ નથી. તેમજ સ્ટેન્ડથી દેવીયા ગામ માત્ર ૨ કિ.મી.ના અંતરે આવેલુ છતાં, ત્યાં ગામમાં એસટી બસ જતી નથી. પરિણામે શાળાએ જતા વિદ્યાર્થીઓ ભારે આપદાનો ભોગ બન્યો છે. જેઓની બસ સુવિધા માટેની કરાવવામાં આવેલી માગણીઓ એસ.ટી. તંત્ર બહેરા કાને જાણે કે પહોંચી જ ના હોય તેમ ભાસી રહ્યું છે. જેથી તા.પં. સદસ્ય ઈન્દ્રસિંહ ઝાલાએ ઉક્ત સમસ્યા નિવારવા તંત્રને લેખીત અરજ કરેલ છે.

# નવા બાકરપુર પ્રાથમિક શાળામાં સુવર્ણ જયંતિ ઉજવાઈ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નવા બાકરપુર પ્રાથમિક શાળાના સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ ગામના વિશિષ્ટ વ્યક્તિઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જ્યારે ગણેશવંદના, સ્ત્રી ભ્રૃણ હત્યા, નાટક, સ્વચ્છતા જાગૃતિ, દેશભક્તિ ગીત, સાથે જુમી ઉઠ્યા હતા. જ્યારે ગ્રામજનોના સહિયોગથી ૫૦ વર્ષની ઉજવણી કદીએ ન ભુલાય તેવી યાદગાર ઉજવણી બની ગઈ છે.



થતાં શાળા પરિવાર દ્વારા સુવર્ણ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળામાં ભગવાન સત્યનારાયણની કથા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તથા સન્માનિત કાર્યક્રમ યોજાયો.

નવા બાકરપુર પ્રાથમિક શાળાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે શાળામાં સૌ પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેમાનો તથા શાળાના અગાઉ ફરજ બજાવતા શિક્ષકો તથા શાળાના નિવૃત્ત શિક્ષકોનું સન્માન તથા ફિલ્મીગીત, લોકનૃત્ય. જ્યારે શાળામાં અભ્યાસ કરતા એકથી પાંચમાં માત્ર વીસ વિદ્યાર્થીઓની સંખ્યા છે. જેમાં બાળકો વીસ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. અને કાર્યક્રમ નિહારતા પ્રેક્ષકગણમાંથી જેવો પ્રોગ્રામ પતે ને તરત જ તાલીઓના ગડગડાટ સાથે વન્સમોરની બુમો આવતી હતી. જ્યારે કાર્યક્રમના અંતમાં ગ્રામજનોની વારંવાર રજુઆતને ધ્યાને લઈ પ્રેમલીલાનું ગીત ફરી એકવાર નિહાળ્યુ હતુ અને છેલ્લે વાલીઓ તથા ગ્રામજનો પણ તેમની જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી હર્ષદભાઈ રાવલ, નાયબ જિલ્લા પ્રાથમિક અધિકારી જીતુભાઈ પટેલ, ત્રિગુણાબેન, ભાવનાબેન, અરવિંદભાઈ, કૌશીકભાઈ, કિશનસિંહ વગેરેએ શાળાના આચાર્ય રાવલ તપેન્દ્રભાઈ તથા શાળાના શિક્ષકો હિનાબેન જોષી તથા બાળકોની કામગીરી બિરદાવી હતી. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ, મીઠાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વડાગામમાં તસ્કરી

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામના મુખ્ય માર્ગ પરની શુક્રવારની રાત્રીના સમયગાળા દરમિયાન રીપેરીંગ માટે આવેલી મોટરો સહિતના રૂ. ૮૫ હજારની મત્તા ચોરાતા ધનસુરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

વડાગામ મુખ્ય માર્ગ પર આવેલી ગણેશ મોટર રીવાઈન્ડીંગ નામની દુકાનમાંથી ગત શુક્રવારની રાત્રે દુકાનનું શટર ઉંચુ કરી તસ્કરોએ દુકાનમાંથી વિવિધ સામાનની તસ્કરી કરી હતી. દુકાન માલિક જીતેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (રહે. પ્રેમનગર કંપા)એ ધનસુરા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ. ૮૫ હજારના સામાનની ચોરી અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે પણ વડાગામ મુખ્ય માર્ગ પરની દુકાનોમાંથી ચોરીના બનાવ બન્યા હતા. ત્યારે પોલીસ અને હોમગાર્ડ દ્વારા કરાતા રાત્રી પેટ્રોલિંગ અંગે અનેક સવાલ ઉઠ્યા હતા. આવા સંજોગોમાં ધનસુરા પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગ સમગ્ર વડાગામના લોકો દ્વારા કરાઈ રહી છે.




## અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગની મોડાસા જીઆઈડીસીમાં રેડ કરી ૧૫૭ તેલના ડબ્બા જપ્ત : ૪ લાખનો બિનહિસાબી મુદ્દામાલ

અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગે મોડાસાના ગણેશપુરામાં આવેલી જીઆઈડીસીમાં એક પ્રોટીન્સ ફેક્ટરીમાં જિલ્લા પુરવઠા વિભાગના અધિકારી અગરસીંહ ચૌહાણ અને તેમની ટીમે દરોડો પાડી પ્રોટીન્સ ફેક્ટરીમાં રાખેલો બિન હિસાબી ૧૫૭ તેલના ડબ્બા કિંમત રૂ. ૪ લાખનો જથ્થો સીઝ કરી બિનહિસાબી જથ્થો ક્યાંથી આવ્યો અને ક્યાં મોકલવાનો હતો તે અંગે તપાસ હાથ ધરાઈ હતી. જિલ્લા પુરવઠા વિભાગ ગાઢ નિંદ્રામાંથી સફાળી જાગી હોય તેમ રવિવારે રેડ કરતા જિલ્લામાં બિનહીસાબી જથ્થાની સંગ્રહખોરી કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.



## ધાનેરા ખાતે સિલસિલા એ કાદરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે આર.એસ. હોસ્પિટલમાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં પુરૂષોની સાથે સાથે મહિલાઓએ પણ કર્યુ રક્તદાન કર્યુ હતુ. બનાસકાંઠાના ધાનેરામાં આવેલી શાહ રામચંદ સ્વરાજ હોસ્પિટલ ખાતે સિવલસિલા એ કાદરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા અને લોકોએ રક્તનું દાન પણ કર્યુ હતુ. તો બીજી તરફ આ રક્તદાન કેમ્પમાં પુરુષોની સાથે સાથે મહિલાઓએ પણ રક્તદાન કર્યુ હતુ. આ પ્રસંગે સિલસિલા એ કાદરી ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ, ઉપ પ્રમુખ સભ્ય તેમજ મોટી સંખ્યામાં લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.